©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]  THURSDAY, JANUARY 29, 2026 / MAGHA 9, 1947  [ No. 05**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**C O N T E N T S**


| Part | | Pages |
|---|---|---|
| I | Government Notification, Appointments, promotions, leave of Absence, Rules and Orders (other than those Published in parts I-A, IV-A, IV-B and IV-C), List of Publication for sale, etc. | 69-76 |
| | Miscellaneous Notifications, Appointments, etc. | 77-82 |
| I-A | Orders and Notifications (other than those Published in part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal, Borough, District Municipal, Primary Education and Local Fund Audit Acts. | 05-07 |
| I-B | Government Notifications Published under Land Acquisitions Act only. | 05-07 |
| II | Supplementary Tender Notices issued by the Industries Commissioner (C.S.P.O.), Director of Health & Medical Service (Medical), Gujarat State, Director of Technical Education, the Chief Conservator of Forests, Vadodara and Director of Manpower, Employment and training, Ahmedabad, etc. (For subscribers only). | NIL |
| IV | Acts of Gujarat Legislature and Ordinances promulgated and Regulations made by the Governor. | 05-05 |
| IV-A | Rules and orders (other than those Published in Parts I, I-A and I-L) made by the Government of Gujarat under the Central Acts. | 31-44 |
| IV-B | Rules and orders (other than those Published in Parts I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts. | 08-10 |
| IV-C | Statutory Rules Orders (other than those Published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner or Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission. | 58-65 |
| V | Bills Introduced in the Gujarat Legislative Assembly. | 05-05 |
| VI | Acts of Parliament and Ordinance promulgated by the President. | 05-05 |
| IX | Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other Parts. | 36-75 |

# PART-I

## CENTRAL SECTION

## CIVIL APPOINTMENTS

**Head of Departments and all other Officers concerned are informed that Notification in the GAZETTE are to be accepted as disposing of all references leave, transfers appointments; powers and other personal questions affecting Gazetted officers as to which orders are Gazetted by Government in this part of the Gazette and that subsidiary orders as to relief of their subordinate and the like, which such Notifications, Necessitate, must be issued by them as on receipt of GAZETTE as other orders will be issued by Government.**

### ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

### અધિસૂચના

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જાન્યુઆરી, ૨૦૨૬

**ક્રમાંક: AE-2026-(2)- EPCD/MVN/e-file/20/2025/1366/E Section:** મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીના તાબા હેઠળની કચેરીઓમાં વિદ્યુત નિરીક્ષક અને લીફ્ટ ઇન્સ્પેક્ટર, વર્ગ-૧ની જગ્યા ઉપર નિમણૂક માટે ગુજરાત જાહેર સેવા આયોગની જાહેરાત ક્રમાંક: ૨૬/૨૦૧૫-૧૬ અન્વયે યોજાયેલ પરીક્ષાના પરિણામ આધારે ગુજરાત જાહેર સેવા આયોગના તા:૦૪/૧૧/૨૦૨૫ના ખાનગી પત્ર ક્રમાંક: આરસીટી-૨૦૧૩-૩૧૨-આર-૧ થી પ્રતીક્ષાયાદીમાંથી સીધી ભરતીથી પસંદગી પામેલ ૦૧ ઉમેદવારની નિમણૂક માટે ભલામણ કરવામાં આવેલ છે.આયોગની ભલામણ અન્વયે આ સાથે સામેલ પરિશિષ્ટ-૧માં દર્શાવેલ ઉમેદવારને ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના નિયંત્રણ હેઠળની વિદ્યુત નિરીક્ષક અને લીફ્ટ ઇન્સ્પેક્ટર, વર્ગ-૧ની જગ્યા પર તેઓ જે તારીખથી ફરજ પર હાજર થાય તે તારીખથી અજમાયશી તરીકે આર.ઓ.પી-૨૦૧૬ મુજબ લેવલ-૧૧ માં લઘુત્તમ પગાર રૂા.૬૭,૭૦૦/- અને મહત્તમ પગાર રૂા.૨,૦૮,૭૦૦/- ના પગાર ધોરણમાં પ્રવર્તમાન નિયમો પ્રમાણે મળવાપાત્ર ભથ્થાંઓ સહિત તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે નીચે જણાવેલ શરતોને આધીન નિમણૂક આપવામાં આવે છે.

સંબંધિત ઉમેદવારોએ આ હુકમની તારીખથી દિન-૩૦માં પરિશિષ્ટ-૧માં તેઓના નામની સામેના કોલમ નં.૪ માં દર્શાવેલ જગ્યા ખાતે સ્વખર્ચે ફરજ પર હાજર થવાનું રહેશે.

**શરતો:**

૦૧. ઉમેદવારોએ ગુજરાત મુલ્કી સેવા(નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ના ચેપ્ટર-૩ના નિયમ-૧૧ મુજબ તબીબી પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે. જેમાં તેઓની નિમણૂક માટેની શારીરિક યોગ્યતાનું પ્રમાણપત્ર ૨(બે) માસમાં રજૂ કરવાની શરતને આધિન રહીને તેમજ પોલીસ તપાસણીમાં તેઓની વિરુધ્ધ કોઇ ઘટના ન બની હોવાની શરતે તેમને તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે અજમાયશી નિમણૂક આપવામાં આવે છે.

૦૨. વિદ્યુત નિરીક્ષક અને લીફ્ટ ઇન્સ્પેક્ટર (વર્ગ-૧) સંવર્ગમાં સીધી ભરતીથી નિમણૂક મેળવનાર વિદ્યુત નિરીક્ષક અને લીફ્ટ ઇન્સ્પેક્ટરના અધિકારીઓએ લીફ્ટ અને એસ્કેલેટર્સ અધિનિયમ ૨૦૦૦ની જોગવાઇઓ અને તેના હેઠળ બનાવેલા નિયમો મુજબ લીફ્ટ એસ્કેલેટર્સ મશીનરી અને ઉપકરણોની બનાવટ, રખરખાવ અને સુરક્ષિત સંચાલનને વિનિયમિત કરવા સંબંધિત કાયદાઓ બાબતે આ વિભાગના તા.૧૩/૦૩/૨૦૧૨ના ભરતી નિયમોથી નક્કી કર્યા મુજબની તાલીમ આપવા માટે મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી દ્વારા વ્યવસ્થા કરવાની રહેશે.

૦૩. આ ઉમેદવારોએ આ હુકમની તારીખથી દિન-૩૦માં નિમણૂકની જગ્યાએ પોતાના ખર્ચે હાજર થવાનું રહેશે. હાજર થવા માટેની સમય મર્યાદા વધારવામાં આવશે નહીં. નિયત તારીખે હાજર થવામાં નિષ્ફળ નીવડે તેવા ઉમેદવારો વિદ્યુત નિરીક્ષક અને લીફ્ટ ઇન્સ્પેક્ટર (વર્ગ-૧)સેવામાં જોડાવા ઇચ્છતા નથી તેવું સ્પષ્ટપણે માની લઇને તેઓની નિમણૂક રદ કરવામાં આવશે સિવાય કે તેઓની કાબૂ બહારના હોય તેવા અસાધારણ સંજોગો/કારણો અંગે સરકારને ખાતરી થતાં નિયત તારીખ બાદ હાજર થવાની પરવાનગી આપવામાં આવશે.

૦૪. આ ઉમેદવારોને ૨(બે) વર્ષ માટે તદ્દન હંગામી અને કામચલાઉ રીતે અજમાયશી ધોરણે નિમણૂક આપવામાં આવે છે. તેઓએ ૨(બે) વર્ષનો અજમાયશી સમય સંતોષકારક રીતે પૂરો કર્યા બાદ તેઓને વિદ્યુત નિરીક્ષક અને લીફ્ટ ઇન્સ્પેક્ટર (વર્ગ-૧) ની જગ્યા પર લાંબાગાળાના ધોરણે નિયુક્તિ આપવા વિચારણા કરવામાં આવશે.

૦૫. અજમાયશી સમય દરમ્યાન તેઓને રૂ.૬૭૭૦૦ - ૨૦૮૭૦૦ (પે મેટ્રીક્ષ - ૧૧) ના પગાર ધોરણમાં ન્યુનત્તમ તબક્કે માસિક પગાર રૂ.૬૭૭૦૦/- તથા નિયમોનુસાર અન્ય ભથ્થા મળવાપાત્ર થશે. સમગ્ર અજમાયશી / તાલીમ દરમ્યાન કોઇ ઇજાફો મળવાપાત્ર થશે નહીં. અજમાયશી મુદ્દત સંતોષકારક રીતે પૂરી થયે તેમને નિયમિત ધોરણે વિદ્યુત નિરીક્ષક, વર્ગ-૧ તરીકે નિમણૂક આપતા હુકમો કરાશે. જે હુકમો થયા બાદ જ તેમને નિયમોનુસાર ઇજાફો / ઇજાફાઓ મળવાપાત્ર થશે. આ ઉમેદવારોમાંથી જેઓ હાલ ગુજરાત સરકારની નોકરીમાં છે તેઓના પગાર, રજા, પેન્શન વગેરે ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ની જોગવાઇને આધીન રહેશે.

૦૬. અજમાયશી સમય દરમ્યાન આ ઉમેદવારો ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ હેઠળ પ્રથમ વર્ગના અધિકારીને મળતા મુસાફરી ભથ્થાં, ઘરભાડા ભથ્થાં, સ્થાનિક ભથ્થાં ઇત્યાદિ મેળવવાને પાત્ર થશે તેમજ તેમના પગાર ભથ્થાં, મળવાપાત્ર પેશગીઓ તેમજ શિસ્ત અને વર્તણૂકને લગતી બાબતો વગેરે સરકારે વખતોવખત નક્કી કરેલા નિયમોની જોગવાઇને આધીન રહેશે.

૦૭. આ ઉમેદવારોએ ગુજરાત સરકારના કાર્યક્ષેત્ર હેઠળ કોઇપણ જગ્યાએ સેવાઓ આપવાની રહેશે. તેઓની નોકરી બદલીપાત્ર છે અને સરકારને જરૂર જણાય તે પ્રમાણે તેઓની બદલી કરી શકશે.

૦૮. આ ઉમેદવારોએ જે-તે સમયે અમલમાં હોય તેવા સરકારી નિયમોને આધીન નિયત કરેલ ધોરણસર(Level)ની ગુજરાતી, હિન્દી તેમજ ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું રહેશે.

૦૯. રાજીનામું આપનાર ઉમેદવારની બાબતમાં GCSR (General Conditions of Services) -36ની જોગવાઇ અનુસારની કાર્યવાહી કરવાની રહેશે.

૧૦. આ ઉમેદવારો વિદ્યુત નિરીક્ષક અને લીફ્ટ ઇન્સ્પેક્ટર (વર્ગ-૧) તરીકેનો હવાલો સંભાળે તે પહેલાં અજમાયશી તરીકે તેઓની હાજર થયા તારીખથી ૦૨(બે) વર્ષ સુધી દરેક વર્ષે તેમની કામગીરીના મૂલ્યાંકન અહેવાલો (Appraisal Reports) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૯/૦૬/૧૯૮૯ના પરિપત્ર ક્રમાંક:-પીઆરઓ-૧૦૮૬-૫૦૬૮-ગ-૨ અન્વયે નિયત કરેલ પત્રકમાં ૩(ત્રણ) નકલમાં સરકારશ્રીને નિયમિત મોકલવાનું કાર્ય અજમાયશીની જે જગા સામે ફાળવણી/નિમણૂક કરવામાં આવી છે તે જગાના સત્તાધિકારીએ જ કરવાનું રહેશે. જેથી દરેક સંબધિત સત્તાધિકારીએ આ બાબતે અંગત ધ્યાન આપી સૂચવ્યા પ્રમાણેની કાર્યવાહી થાય તેની કાળજી રાખવી. અહેવાલો રજિ.એ.ડી.થી અથવા રુબરુમાં મોકલવાના રહેશે જેથી ટપાલમાં ગેરવલ્લે જવાનો સંભવ ન રહે. તેમજ સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૦૩/૧૯૮૯ના પરિપત્ર ક્રમાંક:-પીઆરઓ-૧૦૮૧-૧૭-૯-ગ-૨ અન્વયે આપવામાં આવેલ માર્ગદર્શક સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

૧૧. તેઓએ સામાન્ય વહીવટ વિભાગની તા.૦૩/૦૪/૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક એસ / ૨૦૧૦ / ૨૫ / આરટીઆર / ૧૧ / ૨૦૦૭ / ૩૧૯૬૬૨ (૧૪૨૯) / ક અન્વયે નિયત થયા મુજબ સીધી ભરતીના અજમાયશી વિદ્યુત નિરીક્ષક અને લીફ્ટ ઇન્સ્પેક્ટર (વર્ગ-૧)ની સંસ્થાકીય અને પ્રત્યક્ષ તાલીમ લેવાની રહેશે અને પૂરવસેવાની પરીક્ષા, ઉક્ત અધિસૂચનાના નિયમ ૫ માં દર્શાવ્યા મુજબ નિયત તકો અને નિયત સમયમર્યાદામાં પાસ કરવાની રહેશે. અજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ તથા પૂર્વ સેવા તાલીમાન્ત પરીક્ષા પસાર કર્યા બાદ જ તેઓ વિદ્યુત નિરીક્ષક અને લીફ્ટ ઇન્સ્પેક્ટર (વર્ગ-૧) સંવર્ગમાં નિયમિત રીતે નિમણૂક મેળવવાપાત્ર ઠરશે.

જો તેઓ નિયમો હેઠળ ઠરાવેલી ઉક્ત પરીક્ષા નિયત તકમાં પસાર કરી શકશે નહીં તો તેમની સેવા કોઇપણ જાતની નોટીસ આપ્યા વિના સામાન્ય વહીવટ વિભાગની તા.૦૩/૦૪/૨૦૧૦ની અધિસૂચનાના નિયમ ૫ મુજબ સમાપ્ત કરવામાં આવશે, તે શરત કબૂલ મંજૂર છે તેમ જાણી સમજીને તેઓ નિમણૂક સ્વીકારે છે, તે મતલબની પત્રક ૧ મુજબ લેખિત બાંહેધરી તેઓએ મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીની કચેરીમાં હાજર થતાં પહેલાં આપવાની રહેશે.

૧૨. આ ઉમેદવારોએ, સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૧૨/૧૯૮૬ના પરિપત્ર ક્રમાંક:-સીડીઆર-૧૧૮૬-યુઓ-૨૨૪૪-ગ.૨ માંની સૂચનાઓ મુજબ વિદ્યુત નિરીક્ષક અને લીફ્ટ ઇન્સ્પેક્ટર (વર્ગ-૧) માં હાજર થતી વખતે આ સાથે બિડેલ પરિશિષ્ટ-૪ ના નમૂના મુજબ સોગંદ લેવાના રહેશે. સોગંદ લીધા સિવાય કોઇને નોકરીમાં હાજર થવા દેવામાં આવશે નહિ.

૧૩. આ ઉમેદવારોએ ફાળવણી/નિમણૂકવાળી જગ્યાએ હાજર થતાં પહેલાં જો તેઓ અગાઉની સરકારી કે અર્ધસરકારી નોકરીમાં હોય તો તે સેવામાંથી તેઓને છૂટા કરવામાં આવ્યા છે/ફરજ મુક્ત કરવામાં આવ્યા છે તે મતલબનો હુકમ (રીલીવ ઓર્ડર) હાજર થતી વખતે રજૂ કરવાનો રહેશે.

૧૪. જે ઉમેદવારો હાલ નોકરીમાં ચાલુ હોય અને જેમણે અરજીપત્ર સાથે કે રૂબરૂ મુલાકાત વખતે આયોગમાં પોતાની કચેરીનું ''ના વાંધા પ્રમાણપત્ર'' (N.O.C.) રજૂ ન કર્યું હોય તો તેમણે નિમણૂક પામતાં પહેલા સબંધિત અધિકારીશ્રી સમક્ષ ''ના વાંધા પ્રમાણપત્ર'' રજૂ કરવાનું રહેશે.

૧૫. તેઓએ પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ કચેરી ખાતે હાજર થતી વખતે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ ૮ (૧એ) ની જોગવાઇને અનુલક્ષીને સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૦ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર / ૧૦ / ૨૦૦૭ / ૧૨૦૩૨૦ / ગ. ૫ થી નિયત કરાયેલ અભ્યાસક્રમ મુજબના કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતાં હોવાનું કોઇપણ સંસ્થાનું પ્રમાણપત્ર અચૂકપણે રજૂ કરવાનું રહેશે. આવી પ્રમાણપત્ર રજૂ કરાયેથી જ સંબંધિત કચેરી દ્વારા તેમને નિમણૂક આપતા વિધિસરના હુકમો કરવામાં આવશે.

૧૬. આ ઉમેદવારોએ ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર અજમાયશી સમય દરમ્યાન CCC+ ની પરીક્ષા પાસ કરવાની રહેશે. અજમાયશી સમય દરમ્યાન જો તેઓ આ પરીક્ષા પાસ નહીં કરે તો તેઓનો નિયમાનુસાર અજમાયશી સમય લંબાવવામાં આવશે અને આ લંબાવેલ સમય દરમ્યાન પણ તેઓ જો આ પરીક્ષા પાસ નહીં કરે તો તેમની સેવા સમાપ્ત કરવામાં આવશે અને ઉક્ત પરીક્ષા પસાર કર્યે તેઓને સેવામાં પરત લેવામાં આવશે. તે મતલબની લેખિત બાંહેધરી તેઓએ નિમણૂકની કચેરીમાં હાજર થતાં પહેલા સાથે બિડેલ પરિશિષ્ટ-૨(બાંહેધરી પત્રક-૧) મુજબ આપવાની રહેશે.

૧૭. કોઇ યોજના/કામગીરી/કોઇ કચેરી/જગ્યાઓ બંધ થવાથી કર્મચારી/અધિકારીઓને રાજ્ય સરકાર જગ્યાના અભાવે ફાજલ(સરપ્લસ) જાહેર કરે તો નોકરીનો અંત આવશે. તેમ છતાં ગુજરાત મુલ્કી સેવા નિયમો ૨૦૦૨ મુજબ મળવાપાત્ર લાભો આપી સરકાર છુટા કરી શકશે. નોકરીમાં ચાલુ રાખવાનો દાવો થઇ શકશે નહીં.

૧૮. સંબંધિત અનામત કેટેગરીના ઉમેદવારને વિદ્યુત નિરીક્ષક અને લીફટ ઇન્સ્પેકટર (વર્ગ-૧)ની જગ્યા પર સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો/જોગવાઇઓ અનુસાર જાતિ પ્રમાણપત્રની સક્ષમ સત્તાધિકારી/વિશ્લેષણ સમિતિ (Scrutineer committee) સમક્ષ થયેલ ખરાઇને આધારે નિમણૂક આપવામાં આવે છે. જો વિશ્લેષણ સમિતિ (Scrutineer committee) દ્વારા ખરાઇ થયેલ જાતિ પ્રમાણપત્ર સામે ભવિષ્યમાં કોઇ વાંધા અરજી મળે છે અને તેની ચકાસણી બાદ સંબંધિત જાતિનું પ્રમાણપત્ર ખોટુ સાબિત થશે અથવા તેમાં કોઇ વાંધાકારક હકીકત જણાશે તો પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂક તાત્કાલિક અસરથી રદ કરવામાં આવશે. સંબંધિત અનામત કેટેગરીના ઉમેદવારે આ સાથે બિડેલ પરિશિષ્ટ-૩(બાંહેધરી પત્રક-૨) ના નમૂનામાં બાંહેધરી આપવાની રહેશે.

૧૯. આ ઉમેદવારોએ નિમણૂકના સ્થળે હાજર થતી વખતે આ સાથે બિડેલ પરિશિષ્ટ-૫ (security Bond) મુજબના જામીનખતનાં નિયત નમૂનામાં લેખ/કરાર કરવાનો રહેશે. જે કરાર પ્રમાણે તેઓ (ક) ઠરાવેલો તાલીમ અભ્યાસક્રમ પૂરો કરી ન શકે અથવા (ખ) સેવા પૂર્વેની પરીક્ષામાં બેસી ન શકે અથવા (ગ) સરકારને સંતોષ થાય તે રીતે અજમાયશી નિયમોની જોગવાઇ પૈકી કોઇ જોગવાઇ પૂરી કરી ન શકે અથવા (ઘ) અજમાયશી મુદત સહિતની મૂળ નિમણૂકની તારીખથી ૩ વર્ષની સેવા પૂર્ણ થયા પહેલાં સેવા છોડી દે તો સરકારે એમને આપેલી તાલીમના ખર્ચ ઉપરાંત અજમાયશી તરીકેની તેમની નિમણૂકને પરિણામે તેમની તાલીમની મુદત દરમ્યાન સરકારે ચૂકવેલા પગાર અને ભથ્થાં પરત કરવા તેઓ અને તેમના જામીનો સંયુક્ત અને અલગ રીતે બંધાયેલા રહેશે અને પરત કરવામાં નહીં આવેલ રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસુલ કરી શકાશે.

૨૦. ઉપર દર્શાવેલ શરતો સિવાય આ નિમણૂક અંગે હવે પછી વખતોવખત સરકારશ્રી દ્વારા લાગુ કરવામાં આવે તે શરતો પણ ઉક્ત તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

**પરિશિષ્ટ-૧**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની તા.૨૧/૦૧/૨૦૨૬ની અધિસૂચના**

**ક્રમાંકઃ AE-2026-(2)- EPCD/MVN/e-file/20/2025/1366/E Section Section નું બિડાણ**

| ક્રમ નં. | પ્રતીક્ષા નંબર | ઉમેદવારનું નામ | નિમણૂકની જગ્યા |
|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૪ |
| ૦૧ | ૦૧ | શ્રી મેહુલકુમાર જગદીશચંદ્ર પંચાલ | વિદ્યુત નિરીક્ષક, સુરત - ૨<br>વિદ્યુત નિરીક્ષકની કચેરી, સુરત |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**આશિષ વાળા,**

સરકારના સંયુક્ત સચિવ.

**પરિશિષ્ટ-૨**

**બાંહેધરી પત્રક-૧**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની તા.૨૧/૦૧/૨૦૨૬ની અધિસૂચના**

**ક્રમાંકઃ AE-2026-(2)- EPCD/MVN/e-file/20/2025/1366/E Section Section નું બિડાણ**

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંકઃ ૨૬/૨૦૧૫-૧૬ ના અનુસંધાને વિદ્યુત નિરીક્ષક અને લીફ્ટ ઇન્સ્પેક્ટર,(વર્ગ-૧) ની જગ્યાએ ભરતી કરવા સારું યોજાયેલ સીધી ભરતીથી પસંદ થયેલ ઉમેદવારોને વિદ્યુત નિરીક્ષક અને લીફ્ટ ઇન્સ્પેક્ટર,(વર્ગ-૧) ની જગ્યાએ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની અધિસૂચના ક્રમાંકઃ EPCD/MVN/e-file/20/2025/1366/E Section થી વિદ્યુત નિરીક્ષક અને લીફ્ટ ઇન્સ્પેક્ટર,(વર્ગ-૧) તરીકે મારી નિમણૂકનો હુકમ મને આપવામાં આવેલ છે તેમાં દર્શાવેલ શરતો મુજબ હું નીચે સહિ કરનાર શ્રી.......................................................................................ભલામણ યાદી ક્રમાંક......................રહેવાસી ગામ.................. તાલુકો......................... જિલ્લો......................... પૂરતી સમજદારી પૂર્વક આથી લેખીત બાંહેધરી આપુ છું કે, (૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬-૦૧-૬૯ તથા તા.૧૨-૦૧-૭૦ ના પરિપત્રો ક્રમાંકઃ-પીએસી-૧૦૬૮-૬૫૬૪-જી તેમજ તા.૧૯-૯-૨૦૧૬ના પરિપત્ર ક્રમાંક વીસીએ-૧૦૨૦૧૬- ૪૨૯૫૪૭-ગ.ર માંની જોગવાઇ અનુસાર કાર્યપાલક ઇજનેર (સી.), વર્ગ-૧ તરીકેની મારી નિમણૂક નિયમાનુસાર આવશ્યક તબીબી તપાસ તેમજ ચારીત્ર્ય અને પૂર્વવૃતાંત અંગેની પોલીસ તપાસને આધીન રહેશે, તે મને સ્વીકાર્ય છે. તે વિના મને અજમાયશી વિદ્યુત નિરીક્ષક અને લીફ્ટ ઇન્સ્પેક્ટર,(વર્ગ-૧) ની જગ્યા ઉપર તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે આપવામાં આવેલ આ નિમણૂકના અનુસંધાને, ત્યારબાદ તબીબી તપાસ અને પોલીસ તપાસ કરાવતા જો તે સંતોષકારક નહીં જણાય અગર તેમાં કોઇ વાંધાજનક હશે તો મને આપવામાં આવેલ હંગામી નિમણૂક કોઇપણ જાતની નોટીસ આપ્યા વિના અને કોઇપણ જાતના કારણો દર્શાવ્યા સિવાય સમાપ્ત કરવામાં આવશે, તે મને સ્વીકાર્ય છે.

૦૨. વિદ્યુત નિરીક્ષક અને લીફ્ટ ઇન્સ્પેક્ટર,(વર્ગ-૧) ના અધિકારીઓની (તાલીમ આપવાને અને તાલીમ પછીની પરીક્ષાને પાસ કરવાને લગતી સેવાની શરતો બાબતના) નિયમો ૧૯૭૦ મુજબ તાલીમાંત પરીક્ષા નિયત તકમાં અને નિયત સમય મર્યાદામાં પાસ કરવાની રહેશે. અને જો હું નિયત સમય મર્યાદામાં તથા તકમાં આ પરીક્ષા પાસ કરી શકીશ નહીં તો મારી સેવા ઉક્ત નિયમોમાં દર્શાવ્યા મુજબ સમાપ્ત કરવામાં આવશે, તે જાણી સમજીને આ નિમણૂક સ્વીકારું છું, અને આ શરત મને સ્વીકાર્ય તથા બંધનકર્તા છે.

૦૩. વધુમાં ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ ના નિયમ-૯ ની જોગવાઇ મુજબ અજમાયશી સમય દરમ્યાન સી.સી.સી.+ ની પરીક્ષા પાસ કરવાની રહે છે. અન્યથા મારો અજમાયશી સમય લંબાવી શકાશે અને તે સમય દરમ્યાન પણ જો હું આ પરીક્ષા પાસ કરીશ નહીં તો ઉક્ત નિયમોમાં દર્શાવ્યા મુજબ મારી સેવા સમાપ્ત કરવામાં આવશે અને ઉક્ત પરીક્ષા પાસ કર્યે મને સેવામાં પરત લેવામાં આવશે, તે જાણી સમજીને આ નિમણૂક સ્વીકારું છું અને આ શરત મને સ્વીકાર્ય તથા બંધનકર્તા છે.

૦૪. અજમાયશી સમય દરમ્યાનની મારી સેવા સંતોષકારક નહીં જણાય તો અજમાયશી સમય દરમ્યાન કોઇપણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી મારી નોકરીનો અંત લાવવામાં આવશે, તે હું જાણી, સમજીને આ નિમણૂક સ્વીકારૂં છું તથા આ શરત મને સ્વીકાર્ય અને બંધનકર્તા છે.

રાજ્યપત્રિત અધિકારીની સાક્ષીની રૂબરૂમાં

.........................................................

(ઉમેદવારની સહી અને તારીખ)

સ્વીકાર્યુ તે અંગે નાયબ મુખ્ય વિદ્યુત નિરીક્ષક/ ખાતાના વડાની સહી અને સિક્કો

પુરૂ નામ:-

સરનામુ:-

મોબાઇલ નં.

ઇ મેઇલ:-

તારીખ:

પ્રતિ,
સંબંધિત નાયબ મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી

**પરિશિષ્ટ-૩**

**બાંહેધરી પત્રક-૨**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની તા. ૨૧/૦૧/૨૦૨૬ની અધિસૂચના**
**ક્રમાંકઃ AE-2026-(2)- EPCD/MVN/e-file/20/2025/1366/E Section Section નું બિડાણ**

આથી હું.......................................................મેરીટ ક્રમાંક..... (જા.ક્ર.૨૬/૨૦૧૫-૧૬), મને વિદ્યુત નિરીક્ષક અને લીફ્ટ ઇન્સ્પેક્ટર, (વર્ગ-૧) ની જગ્યા પર સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો/જોગવાઇઓ અનુસાર જાતિ પ્રમાણપત્રની સક્ષમ સત્તાધિકારી/વિશ્લેષણ સમિતિ (Scrutineer committee) સમક્ષ થયેલ ખરાઇને આધારે નિમણૂક મળેલ હોઇ, જો વિશ્લેષણ સમિતિ (Scrutineer committee) દ્વારા ખરાઇ થયેલ જાતિ પ્રમાણપત્ર સામે ભવિષ્યમાં કોઇ વાંધા અરજી મળે છે અને તેની ચકાસણી બાદ જાતિનું પ્રમાણપત્ર ખોટુ સાબિત થશે અથવા તેમાં કોઇ વાંધાકારક હકીકત જણાશે અને મારી નિમણૂક સરકારશ્રી દ્વારા રદ કરવામાં આવશે, તો તે નિર્ણય મને બંધનકર્તા રહેશે. જેની હું બાંહેધરી આપું છું.

ઉમેદવારની સહી

ઉમેદવારનો મોબાઇલ નં. ......................................

સાક્ષીના નામ તથા સહી

૧.................................................

૨.................................................

**પરિશિષ્ટ-૪**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની તા. ૨૧/૦૧/૨૦૨૬ની અધિસૂચના**
**ક્રમાંકઃ AE-2026-(2)- EPCD/MVN/e-file/20/2025/1366/E Section Section નું બિડાણ**

હું.........................................................................સોગંદ લઉ છું/ગંભીરતા પૂર્વક પ્રતિજ્ઞા કરું છું કે, ભારત પ્રત્યે અને કાયદા દ્વારા સ્થાપિત ભારતના બંધારણ પ્રત્યે વફાદાર રહી સાચી નિષ્ઠા રાખીશ. ભારતનું સાર્વભૌમત્વ અખંડિત જાળવી રાખીશ અને મારા હોદ્દાની ફરજો પ્રમાણિકતા અને નિષ્પક્ષતાથી બજાવીશ. ઇશ્વર મને એમાં સહાય કરે.

સ્થળ: સહી:

તારીખ: હોદ્દો

રૂબરૂ સહી

કચેરીના વડા:

**પરિશિષ્ટ-૫**

**APPENDIX-V**

**SECURITY BOND**

Know all men by these Present that I……………………………………………………………………..a candidate selected for appointment to the post of………………………………………in accordance with the rules contained in Government notification, ………………………………………… Department, No. ………………………………dated the ……………………………………………(hereinafter referred to as “the rules”)an held and firmly bound up to the Governor of Gujarat exercising the executive power of the Government of the State of Gujarat (hereinafter referred to as “the Government” which expression shall, unless the context otherwise requires, include his successors in office and assigns) in the amount equal to pay and allowances paid to me by Government during my training plus amount prescribed by government from time to time towards the cost of training imported to me by the Institute. Being an expenditure incurred by Government on my training and which is to be paid to the Government for which payment, well and truly to be made I bind. Myself, my heirs, executors, administrators and legal representatives by these present…………………………………………………Whereas I am required under the rules to execute a bond for

refund to the Government of the amount equal to pay and usual allowances drawn by me during the training in the event of my (a) failure to complete the prescribed training course, or (b) failure to appear in the pre-Service examination, or (c) failure to comply with any of the provision of the probation rules, if any, to the satisfaction of Government, or (d) quitting service before the completion of the period of 3 years from the date of my regular appointment on satisfactory completion of the probation period. Now, the condition of the above written bond is that, if, I duly and faithfully observe and performed the stipulations and condition on my part to be observed and performed as contained in the said rules (which rules shall be deemed to from part of these presents), then the above written bond shall be void, otherwise the same shall remain in full force and effect; Provided that without prejudice to other right or remedies, it shall be open to the Government to recover the amount payable under this bond as arrears of land revenue.

In witness whereof I here to set my hand this
day…………………………………………………………………………………………….of ……………………2026

Signed and delivered by the above named in the presence of: --

Signature.

(1) Signature and full address.

(2) Signature and full address.

**પરિશિષ્ટ-૫**

**APPENDIX-V**

**SURETY**

We………………………………………………………………………………………………………………………And ……………………………………………………………………….Residing at…………………………………..in taluka ………………………………..District………………………….Declare ourselves sureties for the above named ……………………………………………………………….(hereinafter referred to as “the candidate”) and guarantee that the candidate shall do and perform all that he has undertaken to do and perform and in case of his (1) failure to complete the prescribed training course or (2) failure to appear in the Pre-Service examination, or (3) failure to comply with any of the provision of the probation rules, if any, to the satisfaction of Government, or (4) quitting service before the completion of the period of 3 years from the date of his regular appointment on satisfactory completion of the probationary “period”, we hereby bind ourselves jointly and severally to forfeit to the Government of Gujarat exercising the executive power of the Government of State of Gujarat (hereinafter referred to as “the Government”) the amount equal to the pay and allowances paid to him by the Government during his training plus amount prescribed by Government from time to time to ward the cost of training imported to him by the Institute. Being an expenditure incurred by Government on his training in which the candidate has bound himself and we agree that the Government may, without prejudice to other right or remedies available to the Government recover the said amount from us as arrears of land revenue; and we also agree that any variation to the terms and conditions specified in the said rules will not discharge of our liability to pay the said amount and for the purpose of enforcement of our liability under this agreement, our liability will be joint and Several with that of the candidate.

Dated this …………………………..day of ………………………….2026. Signed and delivered by the said Signature of Surety At…………………………………this Day……………………………………2026.

Signature of Surety.
Full address and occupation

Signature of Surety. Full address and occupation. In the presence of:

Signature, full address and
Occupation of witness:

Signature, full address and
Occupation of witness:

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ**

**અધિસૂચના**

સચિવાલય, ગાંધીનગર, ૯મી જાન્યુઆરી, ૨૦૨૬

**ક્રમાંક: AR-2026-11-LED/AAP/e-file/11/2024/1384/M1-Section:-** શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકના શ્રમ તંત્ર હેઠળના નિયામક, બોઇલરોના તાબા હેઠળ મદદનીશ નિયામક, બોઇલરો, વર્ગ - ૨, વાપી (પગાર ધોરણ:- સાતમા પગારપંચ મુજબ રૂ.૫૩૧૦૦-૧૬૭૮૦૦/- લેવલ-૦૯)) તરીકે ફરજ બજાવતા શ્રી વી.આઈ.માહ્યાવંશીને નાયબ નિયામક, બોઇલરો, વર્ગ - ૧, રાજકોટ (પ .ધો.:- સાતમા પગારપંચ મુજબ રૂ.૬૭૭૦૦-૨૦૮૭૦૦/- લેવલ - ૧૧) તરીકે બઢતીથી નિમણૂક આપવામાં આવે છે.

શ્રી વી. આઇ. માહ્યાવંશીને બઢતી મળતાં તેઓની હાલની ખાલી પડનાર મદદનીશ નિયામક બોઈલરની કચેરી, (વિભાગ-૧) વાપીનો વધારાનો હવાલો મદદનીશ નિયામક બોઈલરની કચેરી (વિભાગ - ૨), વાપી ખાતે ફરજ બજાવતા શ્રી અશ્વીનકુમાર રામદાસને તેઓની વર્તમાન ફરજો ઉપરાંત અન્ય હુકમ ના થાય ત્યાં સુધી વધારાના હવાલા તરીકે સોંપવામાં આવે છે.

આ હુકમનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**દ્રષ્ટિ શાહ,**

સરકારના ઉપસચિવ(શ્રમ).

------------

**Miscellaneous Notifications, Appointments, etc.**

**BY THE HIGH COURT OF GUJARAT, AT SOLA, AHMEDABAD**

**NOTIFICATIONS**

**No.A.1204/2025**

**I**

The Honourable Chief Justice and Honourable Judges of the High Court of Gujarat are pleased to accord sanction for encashment of Earned Leave for a month of November-2025 to Mr. B. L. Choithani, 5th Additional District Judge, Bhachau, Kachchh for the block period of two years commencing from 1st November, 2025 to 31st October, 2027, as provided under Government Resolution No.PAY/102003/1233/D, dated 16/03/2007 and SNJPC/102020/CSO-16/D, dated 29/02/2024.

Date: 13/01/2026

-------------

**No.A.1204/2025**

**I**

The Honourable Chief Justice and Honourable Judges of the High Court of Gujarat are pleased to accord sanction for encashment of Earned Leave for a month of November-2025 to Ms. S. M. Kanabar, 6th Additional District Judge, Deesa for the block period of two years commencing from 1st November, 2025 to 31st October, 2027, as provided under Government Resolution No.PAY/102003/1233/D, dated 16/03/2007 and SNJPC/102020/CSO-16/D, dated 29/02/2024.

Date: 13/01/2026

-------------

**No.A.1204/2025**

**I**

The Honourable Chief Justice and Honourable Judges of the High Court of Gujarat are pleased to accord sanction for encashment of Earned Leave for a month of November-2025 to Mr. K. R. Upadhyay, Principal District Judge, Surendranagar for the block period of two years commencing from 1st November, 2025 to 31st October, 2027, as provided under Government Resolution No.PAY/102003/1233/D, dated 16/03/2007 and SNJPC/102020/CSO-16/D, dated 29/02/2024.

Date: 13/01/2026

-------------

**No.A.1204/2025**

**I**

The Honourable Chief Justice and Honourable Judges of the High Court of Gujarat are pleased to accord sanction for encashment of Earned Leave for a month of November-2025 to Mr. D. J. Shah, Additional District Judge, Valsad for the block period of two years commencing from 1st November, 2025 to 31st October, 2027, as provided under Government Resolution No.PAY/102003/1233/D, dated 16/03/2007 and SNJPC/102020/CSO-16/D, dated 29/02/2024.

Date: 13/01/2026

-------------

**No.A.1204/2025**

**I**

The Honourable Chief Justice and Honourable Judges of the High Court of Gujarat are pleased to accord sanction for encashment of Earned Leave for a month of November-2025 to Mr. A. R. Rana, 6th Additional District Judge, Junagadh for the block period of two years commencing from 1st November, 2025 to 31st October, 2027, as provided under Government Resolution No.PAY/102003/1233/D, dated 16/03/2007 and SNJPC/102020/CSO-16/D, dated 29/02/2024.

Date: 13/01/2026

-------------

**No.A.1204/2025**

**I**

The Honourable Chief Justice and Honourable Judges of the High Court of Gujarat are pleased to accord sanction for encashment of Earned Leave for a month of November-2025 to Mr. S. M. Govani, 13th Additional District Judge, Surat for the block period of two years commencing from 1st November, 2025 to 31st October, 2027, as provided under Government Resolution No.PAY/102003/1233/D, dated 16/03/2007 and SNJPC/102020/CSO-16/D, dated 29/02/2024.

Date: 13/01/2026

-------------

**No.A.3403/2025**

**I**

The Honourable Chief Justice and Honourable Judges of the High Court of Gujarat are pleased to accord sanction for encashment of Earned Leave for a month of November-2025 to Mr. B. B. Jadav, Judge, City Civil & Sessions Court, Ahmedabad for the block period of two years commencing from 1st November, 2025 to 31st October, 2027, as provided under Government Resolution No.PAY/102003/1233/D, dated 16/03/2007 and SNJPC/102020/CSO-16/D, dated 29/02/2024.

Date: 13/01/2026

-------------

**No.A.3804/2025**

**I**

The Honourable Chief Justice and Honourable Judges of the High Court of Gujarat are pleased to accord sanction for encashment of Earned Leave for a month of November-2025 to Mrs. F. S. Parikh, Principal Judge, Family Court, Sabarkantha @ Himmatnagar for the block period of two years commencing from 1st November, 2025 to 31st October, 2027, as provided under Government Resolution No.PAY/102003/1233/D, dated 16/03/2007 and SNJPC/102020/CSO-16/D, dated 29/02/2024.

Date: 13/01/2026

-------------

**No.A.1204/2025**

**I**

The Honourable Chief Justice and Honourable Judges of the High Court of Gujarat are pleased to accord sanction for encashment of Earned Leave for a month of June-2025 to Ms. R. L. Jadeja, 8th Additional District Judge, Mahesana for the block period of two years commencing from 1st November, 2023 to 31st October, 2025, as provided under Government Resolution No.PAY/102003/1233/D, dated 16/03/2007 and SNJPC/102020/CSO-16/D, dated 29/02/2024.

Date: 16/01/2026

-------------

**DIRECTOR OF AGRICULTURAL MARKETING & RURAL FINANCE**

**NOTIFICATION**

Gujarat State, Gandhinagar, 13th January, 2026

**The Gujarat Agricultural Produce and Marketing (Promotion and Facilitation) Act, 1963**

**No. E/KHS/2026/01/DAMF/NBS/e-file/7/2026/0010/APMC:-** In exercise of the power conferred under sub-section (2) of section-7 of the Gujarat Agricultural Produce and Marketing (Promotion & Facilitation) Act-1963 (Gujarat Act No.20 of 1964) the Director of Agricultural Marketing and Rural Finance, Gujarat State, Gandhinagar is declared that with an effect from the date of publication of this notification in the Gujarat Government Gazette, the following locality in the market area of the Agricultural Produce Market Committee, Lakhani, Tal. Lakhani, Dist. Wav-Tharad shall be sub-market yard Dhunsol viz ;-

**LOCALITY**

An area of the land admeasuring about 21402 Sq.mtr bearing revenue survey no. 90/2 of Dhunsol Village, Tal. Lakhani, Dis. Wav-Tharad bounded by :-

1. On the North :- The boundries of the Land of revenue Survey No.90/1, 91
2. On the South :- The State highway from Dhunsol to Zerda
3. On the East :- The boundries of the Land of revenue Survey No.78, 79 & 80
4. On the West :- The boundries of the Land of revenue Survey No.90/1

**H. R. PATEL,**

Director.

**નિયામક, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

**જાહેરનામું**

**ધી ગુજરાત એગ્રીકલ્ચરલ પ્રોડ્યુસ એન્ડ માર્કેટીંગ (પ્રમોશન એન્ડ ફેસીલીટેશન) અધિનિયમ-૧૯૬૩**

**ક્રમાંકઃ ઈ/ખસ/૨૦૨૬/૦૧/DAMF/NBS/e-file/7/2026/0010/APMC:-** ગુજરાત ખેત ઉત્પન્ન અને બજાર (પ્રમોશન એન્ડ ફેસીલીટેશન) અધિનિયમ-૧૯૬૩ (ગુજરાત અધિનિયમ નં.૨૦, સને-૧૯૬૪)ની કલમ-૭ ની પેટાકલમ-૨ અન્વયે મળેલ અધિકારની રૂઈએ નિયામક, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર આથી જાહેર કરે છે કે, આ જાહેરનામું ગુજરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થાય તે તારીખથી વાવ-થરાદ જિલ્લાના લાખણી તાલુકાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, લાખણીના બજાર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ જગ્યા પેટા ચોગાન ધુણસોલ તરીકે ગણાશે, જેમ કે **:-**

**-: જગ્યા :-**

મોજે ગામ-ધુણસોલ, તાલકુો-લાખણી, જિલ્લો-વાવ-થરાદના રેવન્યુ સર્વે નં.૯૦/૨ વાળી ૨૧૪૦૨ ચો.મી. જમીન જેની ચતુ**:** સીમા નીચે મુજબ છે.

૧. ઉત્તરે :- રેવન્યુ સર્વે નં.૯૦/૧, ૯૧ ની સીમાઓ

૨. દક્ષીણે :- ધુણસોલથી ઝેરડા સુધીનો રાજ્ય ધોરીમાર્ગ

૩. પૂર્વે :- રેવન્યુ સર્વે નં.૭૮, ૭૯ અને ૮૦ ની સીમાઓ

૪. પશ્ચિમે :- રેવન્યુ સર્વે નં. ૯૦/૧ ની સીમાઓ

**એચ. આર. પટેલ,**

નિયામક.

----------

**DIRECTOR OF AGRICULTURAL MARKETING & RURAL FINANCE**

**NOTIFICATION**

Gujarat State, Gandhinagar, 15th January, 2026

**The Gujarat Agricultural Produce and Marketing (Promotion and Facilitation) Act, 1963**

**No: E/KHS/2026/02/DAMF/NBS/e-file/7/2025/0343/APMC:-** The following names of the uncontested Elected Members on Dt.19/12/2025 in the Agriculturist constituency, Traders constituency and Co-operative Marketing Societies constituency of the Agriculture Produce Market Committee, Rajula, Ta.Rajula, Dist.Amreli and nominated members by State Government are here by published as per the provision of Rule-27 of Gujarat Agricultural Produce Markets Rules -1965.

**-: Elected Members :-**

| S. N. | Name | Place |
|---|---|---|
| **(1) Agriculturist Constituency:-** | | |
| 01 | Ladumor Madhubhai Ebhabhai | At.Khakhbai, Ta.Rajula, Dist.Amreli |
| 02 | Ram Tapubhai Baghabhai | At.Bherai, Ta.Rajula, Dist.Amreli |
| 03 | Varu Amrishbhai Dadbhai | At.Katar, Ta.Rajula, Dist.Amreli |
| 04 | Dhakhada Manubhai Dadubhai | At.Vadli, Ta.Rajula, Dist.Amreli |
| 05 | Radadiya Dhirubhai Chhaganbhai | At.Chotra, Ta.Rajula, Dist.Amreli |
| 06 | Jinjala Chitharbhai Patabhai | At.Rajparda, Ta.Rajula, Dist.Amreli |
| 07 | Kavad Vikrambhai Bhayabhai | AtTa.Rajula, Dist.Amreli |
| 08 | Vora Madhubhai Nanjibhai | At.Chhapari, Ta.Rajula, Dist.Amreli |
| 09 | Dobariya Nagjibhai Khimjibhai | At.Mota Ringaniyala, Ta.Rajula, Dist.Amreli |
| 10 | Nakum Pithabhai Khodabhai | At.Ta.Rajula, Dist.Amreli |
| **(2) Traders Constituency :-** | | |
| 11 | Vasoya Rameshbhai Virjibhai | At.Ta.Rajula, Dist.Amreli |
| 12 | Tarpara Vinubhai Gokulbhai | At.Ta.Rajula, Dist.Amreli |
| 13 | Selot Husenbhai Rahemanbhai | At.Ta.Rajula, Dist.Amreli |
| 14 | Vavadiya Dulabhai Valjibhai | At.Ta.Rajula, Dist.Amreli |
| **(3) Cooperative Marketing Societies Constituency :-** | | |
| 15 | Parsana Rajeshbhai Ramnikbhai | At.Vallabhanagr, Ta.Rajula, Dist.Amreli |
| 16 | Barvaliya Jigneshbhai Mohanbhai | At.Ta.Rajula, Dist.Amreli |
| **(4) Nominated Member by local Authority :-** | | |
| 17 | Vacant | - |
| **(5) Nominated Members by State Government :-** | | |
| 18 | District Registrar of Co-Operative Societies, Amreli, Dist.Amreli | Office of the District Registrar, Co-Operative Societies - Amreli, Dist.Amreli |
| 19 | District Agriculture Officer, Amreli District Panchayat, Dist.Amreli | Amreli District Panchayat, At.Amreli, Dist.Amreli |

**H. R. PATEL,**

Director.

**નિયામક, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

**જાહેરનામું**

**ધી ગુજરાત એગ્રીકલ્ચરલ પ્રોડ્યુસ એન્ડ માર્કેટીંગ (પ્રમોશન એન્ડ ફેસીલીટેશન) એકટ-૧૯૬૩**

**No.: E/KHS/2026/02/DAMF/NBS/e-file/7/2025/0343/APMC:-** ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, રાજુલા, તા.રાજુલા, જિ.અમરેલીની સામાન્ય ચૂંટણીમાં ખેડૂત મતવિભાગ, વેપારી મતવિભાગ અને સહકારી ખરીદ-વેચાણ મતવિભાગમાં તા તા.૧૯/૧૨/૨૦૨૫ના

રોજ બિનહરીફ ચૂંટાયેલા સભ્યોના નામ તથા રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત થયેલા સભ્યોના નામ ગુજરાતના ખેતીનાં ઉત્પન્નનાં બજારો બાબતના નિયમો-૧૯૬૫ ના નિયમ-૨૭ હેઠળ આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**-: ચૂંટાયેલા સભ્યો :-**

| અ.નં | નામ | સ્થળ-સરનામું |
|---|---|---|
| **૧. ખેડૂત મત વિભાગ:-** | | |
| ૦૧ | લાડુમોર માધુભાઈ એભાભાઈ | મુ.ખાખબાઈ, તા.રાજુલા, જિ.અમરેલી |
| ૦૨ | રામ ટપુભાઈ બાઘાભાઈ | મુ.ભેરાઈ, તા.રાજુલા, જિ.અમરેલી |
| ૦૩ | વરૂ અમરીશભાઈ દાદભાઈ | મુ.કાતર, તા.રાજુલા, જિ.અમરેલી |
| ૦૪ | ધાખડા મનુભાઈ દડુભાઈ | મુ.વડલી, તા.રાજુલા, જિ.અમરેલી |
| ૦૫ | રાદડીયા ધીરૂભાઈ છગનભાઈ | મુ.ચોત્રા, તા.રાજુલા, જિ.અમરેલી |
| ૦૬ | જીંજાળા ચીથરભાઈ પાતાભાઈ | મુ.રાજપરડા, તા.રાજુલા, જિ.અમરેલી |
| ૦૭ | કવાડ વિક્રમભાઈ ભાયાભાઈ | મુ.તા.રાજુલા, જિ.અમરેલી |
| ૦૮ | વોરા માધુભાઈ નાનજીભાઈ | મુ.છાપરી, તા.રાજુલા, જિ.અમરેલી |
| ૦૯ | ડોબરીયા નાગજીભાઈ ખીમજીભાઈ | મુ.મોટા રીંગણીયાળા, તા.રાજુલા, જિ.અમરેલી |
| ૧૦ | નકુમ પીઠાભાઈ ખોડાભાઈ | મુ.તા.રાજુલા, જિ.અમરેલી |
| **૨. વેપારી મત વિભાગ:-** | | |
| ૧૧ | વસોયા રમેશભાઈ વિરજીભાઈ | મુ.તા.રાજુલા, જિ.અમરેલી |
| ૧૨ | તારપરા વિનુભાઈ ગોકુળભાઈ | મુ.તા.રાજુલા, જિ.અમરેલી |
| ૧૩ | સેલોત હુસેનભાઈ રહેમાનભાઈ | મુ.તા.રાજુલા, જિ.અમરેલી |
| ૧૪ | વાવડીયા દુલાભાઈ વાલજીભાઈ | મુ.તા.રાજુલા, જિ.અમરેલી |
| **૩. સહકારી ખરીદ-વેચાણ મંડળીઓનો મત વિભાગ:-** | | |
| ૧૫ | પરસાણા રાજેશભાઈ રમણિકભાઈ | મુ.વલ્લભનગર, તા.રાજુલા, જિ.અમરેલી |
| ૧૬ | બરવાળીયા જિજ્ઞેશભાઈ મોહનભાઈ | મુ.તા.રાજુલા, જિ.અમરેલી |
| **૪. સ્થાનિક સત્તામંડળ નિયુક્ત સભ્ય:-** | | |
| ૧૭ | જગ્યા ખાલી | - |
| **૫. સરકારશ્રી નિયુક્ત સભ્યો :-** | | |
| ૧૮ | જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ - અમરેલી, જિ.અમરેલી | જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલીની કચેરી, જિ.અમરેલી |
| ૧૯ | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, અમરેલી જિલ્લા પંચાયત, જિ.અમરેલી | અમરેલી જિલ્લા પંચાયત, મુ.અમરેલી, જિ.અરવલ્લી |

**એચ. આર. પટેલ,**

નિયામક.

--------------

**શ્રેયાન વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર**

**તા.૦૧/૧૨/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ દરમિયાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી**

| અનુ. નં. | અસાધારણ રાજપત્રનો નંબર | જાહેરનામાનો નંબર અને તારીખ (ભાગ-૧) | પ્રસિદ્ધિની તારીખ | વિભાગનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૨૦ | GSSSB/2025/05/બઢત/૧૦૨૨૨૩/૨૬/ખ (પાર્ટ ફાઈલ-૩) | ૦૮-૧૨-૨૦૨૫ | ગુ.ગૌ.સે.પં.મં. |
| ૨ | ૨૧ | GVS/1161/Leg-1/7(1)/5930 | ૨૫-૧૨-૨૦૨૫ | ગુજરાત વિધાનસભા સચિવાલય |

**બી. જિ. ઠાકુર,**
શ્રેયાન વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ મુદ્રણાલય,
ગાંધીનગર.

------------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.29 21:55:42 IST